# નર્મદ પારિતોષિક અર્પણ સમારોહ

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાત વિદ્યાસભાના સંયુક્ત ઉપક્રમે ડૉ. ધીરુભાઈ ઠાકરને નર્મદ પારિતોષિક અર્પણ કરવાનો સમારોહ યોજવામાં આવ્યો. મહારાષ્ટ્ર રાજ્ય પ્રતિવર્ષ એક ગુજરાતી સર્જક અને એક મરાઠી સર્જકને નર્મદ પારિતોષિક એનાયત કરે છે.

વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણીની સાથોસાથ આ પારિતોષિક અર્પણ કરવામાં આવે છે. જેમાં આ વખતે ગુજરાતી સાહિત્યમાં શ્રી ધીરુભાઈ ઠાકર અને મરાઠી સાહિત્યમાં શ્રી શંકર વૈદ્યને નર્મદ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું છે. એના સમારંભના પ્રારંભે જાણીતા ગાયક શ્રી અમર ભટ્ટે કવિ નર્મદરચિત 'જય જય ગરવી ગુજરાત'ના ગીતથી કાર્યક્રમનો આરંભ કર્યો.

સભાના અધ્યક્ષસ્થાને મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના શ્રી હેમરાજ શાહ તથા અતિથિવિશેષ તરીકે શ્રી પી. કે. લહેરી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુંબઈથી ગુજરાતી સાહિત્ય અકાદમીના સદસ્ય અને પ્રસિદ્ધ વિવેચક શ્રી દીપક મહેતા પણ હાજર રહ્યા હતા. ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ એમના પ્રાસંગિક વક્તવ્યમાં કહ્યું કે ૧૮૪૮ના ડિસેમ્બરમાં એલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી હતી. ૧૬૦ વર્ષથી કાર્યરત આ સંસ્થાના સભાસદ તરીકે મહાત્મા ગાંધી, પંડિત સુખલાલજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, શ્રી ઉમાશંકર જોશી, શ્રી રસિકલાલ પરીખ, શ્રી ચંદ્રવદન મહેતા, કવિશ્રી સુન્દરમ્ જેવા આજીવન માનાર્હ સભાસદ તરીકે વર્ષો સુધી વિદ્યાસભા સાથે સંકળાયેલા હતા.

એ પછી ડૉ. કુમારપાળ દેસાઈએ ધીરુભાઈ ઠાકરના સાહિત્યિક પ્રદાનની વાત કરતાં કહ્યું હતું કે દશ વર્ષની મહેનત પછી શ્રી ધીરુભાઈ ઠાકરે મણિલાલ નભુભાઈ વિશે મહાનિબંધ લખ્યો અને એ પછી એમણે મણિલાલ નભુભાઈના નિબંધ, નાટક, કવિતા અને ગદ્યના ગ્રંથો પણ સંપાદિત કર્યા. 'સુદર્શન' અને 'પ્રિયંવદા'ની સૂચિ આપી અને આમ મણિલાલ સમગ્ર ગુજરાતને ઉપલબ્ધ કરાવ્યા. એ જ રીતે એક જ વ્યક્તિએ મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખ્યો હોય એવું વિરલ કાર્ય કર્યું. આ ઇતિહાસની અત્યાર સુધીમાં ૧૨ આવૃત્તિ થઈ છે. ગુજરાત કૉલેજમાં અધ્યાપન કાર્ય દરમિયાન એમણે એની નાટ્યપ્રવૃત્તિને આકાર આપ્યો. મોડાસાના આચાર્ય તરીકે એનો પ્રારંભ થયો ત્યારે દોઢસો વિદ્યાર્થીઓ હતા તો નિવૃત્ત થયા ત્યારે એનો પાંચ વિદ્યાશાખાઓમાં વિસ્તાર થયો હતો અને વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦૦ જેટલી હતી. એ પછી નિવૃત્તિ બાદ એમણે ગુજરાતી વિશ્વકોશનો ભગીરથ પુરુષાર્થ શરૂ કર્યો અને એની



સાથોસાથ 'સત્યની મુખોમુખ', 'પ્રસંગમાધુરી', 'કેટલાક સહિત્યિક વિવાદો', 'ગાંધીજી અને પાંચ સાક્ષરો' એ ગ્રંથોનું પણ એમણે છેલ્લાં ત્રણેક વર્ષમાં લેખન કર્યું. આજે ૯૪ વર્ષની વયે પણ એમની સાહિત્યયાત્રા ચાલુ છે એ જોઈને આજે નર્મદે લીધેલા સાહિત્યિક ભેખનું સ્મરણ થાય છે.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યાધ્યક્ષ શ્રી હેમરાજ શાહે અકાદમીની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો અને એના દ્વારા આપવામાં આવતા જુદા જુદા આઠેક પુરસ્કારોની વિગત આપી હતી તેમજ પુસ્તકપ્રકાશન માટેની અનુદાન યોજના, પુસ્તકખરીદ આર્થિક અનુદાન યોજના જેવી યોજનાઓની વાત કરી હતી. એમણે કહ્યું કે જેમણે અધ્યયન, અધ્યાપન અને સંશોધનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે તેવા શ્રી ધીરુભાઈ ઠાકરે ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા કરી છે.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના સભ્ય શ્રી દીપકભાઈ મહેતાએ કહ્યું કે ધીરુભાઈ આજે ૯૪ વર્ષે પણ ચિરયુવા રહી શક્યા છે કારણ કે તેઓ આજીવન સંશોધક છે. જ્ઞાનવૃદ્ધ એ જ એમની સાચી ઓળખ છે, વયોવૃદ્ધ એ એમની સાચી ઓળખ નથી. વય વધી છે પણ વૃદ્ધ થયા નથી અને થશે પણ નહીં. તેમનું અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા પુસ્તક તો અમારા વિદ્યાર્થીકાળનું. તે પછી તો એની બારેક આવૃત્તિઓ થઈ પણ એ વખતે જે નકલ વાપરતો હતો તે આજે સાવ જીર્ણ થઈ છે છતાં સાચવી રાખી છે. આવા સારસ્વત તપસ્વીનું સન્માન આપણે શું કરી શકવાના ? એમનો શબ્દ એ જ એમનું સાચું સન્માન છે. જ્યાંથી ધીરુભાઈના સારસ્વત જીવનનો પ્રારંભ થયો તે મુંબઈથી અહીં આવી તેમને નર્મદ પુરસ્કાર આપીએ છીએ તે એમના સંતોષ ખાતર નહીં પણ અમારા સંતોષ ખાતર આપીએ છીએ. ૧૮૦૪માં સ્થપાયેલી એશિયાટિક સોસાયટી ઑફ મુંબઈએ પણ ધીરુભાઈને ઓનરરી ફેલોશિપથી નવાજ્યા છે. આજના આ સમારંભમાં સહભાગી થવા માટે ગુજરાત વિદ્યાસભા, તેના પ્રમુખ બાલકૃષ્ણભાઈ દોશી અને ઉપપ્રમુખ કુમારપાળભાઈના અમે સહુ આભારી છીએ.

અતિથિવિશેષ શ્રી પી. કે. લહેરીએ કહ્યું કે મુંબઈ અને ગુજરાત અનેક રીતે એકબીજા સાથે જોડાયેલાં છે. શ્રી ધીરુભાઈમાં સાતત્યનો ગુણ અદ્ભુત છે અને સમર્પિત થઈને કામ કરતાં રહેવું એ એમની વિશેષતા છે. સહુને સારી જિંદગી જીવવાની ઇચ્છા હોય છે, પણ જિંદગી જીવવા જેવી બને તે માટે પુરુષાર્થ જરૂરી છે અને તે બાબતમાં ધીરુભાઈ અમારા પ્રેરણામૂર્તિ છે. જિંદગીની પળેપળનો ઉપયોગ કરીએ ત્યારે આપણે આપણી જ નહીં, બીજાની જિંદગી પણ બદલી શકીએ છીએ. એમને ચંદ્રક આપીને નર્મદ ચંદ્રકની ગરિમામાં વૃદ્ધિ થઈ છે. એક વ્યક્તિ પોતાની સંકલ્પશક્તિ અને અથાગ પરિશ્રમથી શું કરી શકે તે એમના જીવનમાંથી આપણને પ્રાપ્ત થાય છે.

આ પ્રસંગે શ્રી ધીરુભાઈ ઠાકરે પ્રતિભાવ આપતાં કહ્યું કે મારો પ્રથમ પ્રેમ (First Love) મુંબઈ છે કારણ કે મારી કારકિર્દીનો પાયો મુંબઈમાં નંખાયો છે. એ પછી શ્રી ધીરુભાઈ ઠાકરે મુંબઈએ ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં અને સાહિત્યમાં કરેલાં પ્રદાનનું સ્મરણ કર્યું હતું. ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ભાષા અને સાહિત્યનો આંતરવ્યવહાર છેક ૧૯મી સદીથી ચાલ્યો આવ્યો છે અને તે વિશે એમણે વાત કરી હતી.

એ પછી મરાઠી વિશ્વકોશની રચનાની વાત કરતાં કહ્યું કે અમે મરાઠી વિશ્વકોશની પ્રત્યક્ષ મુલાકાત લઈને સર્વસાધારણ વિશ્વકોશના ૨૦ ગ્રંથોનું આયોજન કર્યું હતું. ગુજરાતી વિશ્વકોશનું આ વિદ્યાકીય સાહસ વિશ્વસંસ્કૃતિનું કેન્દ્ર બનવાની મહત્ત્વાકાંક્ષા સેવે છે અને આજનો માનવી ઇચ્છે કે ના ઇચ્છે પણ નવો આકાર લઈ રહેલી વિશ્વસંસ્કૃતિનો નાગરિક બની ચૂક્યો છે. દેશ, કોમ, ઇતિહાસ અને ભૂગોળે ઊભા કરેલા ભેદો ભૂંસાઈ ગયા છે ત્યારે આવી પ્રવૃત્તિ દ્વારા આપણે એકબીજાને વધુ સમજતા થઈશું અને સાથે આગળ વધતા રહીશું. એ પછી ગુજરાત વિદ્યાસભાના કારોબારી સભ્ય શ્રી પુરુષોત્તમ પટેલે આભારવિધિ કરી હતી અને કાર્યક્રમનું પ્રો. હિના સક્સેનાએ સુંદર સંચાલન કર્યું હતું. ત્યારબાદ શ્રી અમર ભટ્ટ અને તેમના સાથી કલાકારોએ નર્મદનાં કેટલાંક ગીતોની પ્રસ્તુતિ કરી હતી. આ કાર્યક્રમમાં ગુર્જર પરિવારના શ્રી મનુભાઈ શાહનો પણ ઉમદા સહયોગ સાંપડ્યો હતો.

---

**(સાતમા પાનાનું ચાલુ)**

'નાનલો' અને વચ્ચેનાને 'દગડિયા' કહે, પણ બહુ જ નિર્દોષતાથી પ્રેમ કરે. ડાંગમાં હું બાર વખત ગયો છું. ડાંગના લોકોનું નૃત્ય મલ્ટીસ્ટોરી જેવું, રીધમમાં ગાય પણ ગીત ન જડે. મ્યુઝિકના બીટ પર નાચ્યા કરે. દશેરામાં આખી રાત નાચે. ડાંગ જિલ્લામાં વહેલા ઊઠીને સાંભળો તો સરસ લહેકામાં ગીત ગવાતાં હોય. ડાંગમાં મરાઠી અને ગુજરાતીનું મિશ્રણ જોવા મળે છે. ત્યાં ગણપતિનું એક ચોક્કસ પ્રકારનું આરાધન થાય છે. કચ્છમાં બન્નીથી આગળ ખાવડમાં પણ ગણપતિના આરાધકો છે. આ બંનેના સૂર બહુ મળતા આવે, આ બંનેનું 'ફ્યૂઝન' કરીને સ્વર્ણિમ ગુજરાતની શરૂઆત એ ગણપતિની સ્તુતિથી કરવામાં આવી. એ ડાંગની મરાઠીમિશ્રિત ડાંગી ભાષાનું ગીત હતું. આ લોકોને સાંભળીએ, ત્યારે લાગે કે એમણે સંગીત અને પરંપરાઓને જાળવી રાખ્યાં છે. આજે આદિવાસી વિસ્તારોમાં કન્યાકેળવણીથી એક બહુ મોટી કાન્તિ જોવા મળે છે. આદિવાસી કન્યાઓ આત્મવિશ્વાસથી જીવન જીવે છે. આ લોકો પાસેથી ઘણું શીખવા જેવું છે. આ સર્વસંગ્રહનો ઉપયોગ ઇતિહાસના વિદ્યાર્થીઓ તો કરશે જ, પરંતુ એની ઉપયોગિતા સરકારી તંત્રમાં વધતી જાય છે. આવા કામમાં વિશ્વકોશ જોડાયું છે તેનો ફરી આભાર માનું છું.

કાર્યક્રમના અંતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નાયબ સચિવશ્રી જયંતકુમાર સેવકે આભારવિધિ કરી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રીતિ શાહે કર્યું.





# સુરેશ દલાલ – કવિ અને મિત્ર



એ દિવસો ઘણા આનંદના હતા. સુરેશ દલાલ, હરીન્દ્ર દવે, રમેશ જાની, શિવજી આશર અને હું. અમારી એક મંડળી હતી. અવારનવાર મળવું, સાહિત્ય અને સાહિત્યેતર વિષયોની વાતો કરવી, શું વાંચ્યું અને શું લખ્યું તે પણ એકબીજાને જણાવવું અને સારું લાગે તે પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની યોજનાઓ ઘડવી એમાં સમય પસાર થઈ જતો.

તેમાંય મારું રહેઠાણ સાન્તાક્રુઝમાં અને સુરેશભાઈનું ખારમાં. એટલે અમારે મળવાનું વધારે થતું. નવું શું લખાયું છે તે ઝટપટ એકબીજાને બતાવવાનું અને મઠારવાનું સુગમ રહેતું . આગળ વધવાનું સ્વપ્ન એ ઉંમરે સહુને આવે, પણ મારી સ્થાવર પ્રકૃતિને કારણે હું માત્ર વિચાર કરીને સંતોષ પામું, જ્યારે સુરેશભાઈ ક્રિયાશીલ અને ધગશવાળા હોવાથી સપનાં સાકાર કરવાની દિશામાં આગળ વધે અને એના પરિણામે આપણી નજર આગળ છે 'ઇમેજ' પ્રકાશન અને 'કવિતા' સામયિક. આ સિવાય પણ એમણે ઘણી બધી યોજનાઓ ઘડી અને પાર પાડી. તેમાં જે યુવાન કાર્યકરો, વિદ્વાનો અને શ્રીમંતોનો સહકાર સાંપડ્યો તે સુરેશભાઈની કાર્યદક્ષતા અને સ્વભાવને કારણે જ. સહુને સાચવવા એ બહુ કપરું કામ છે. સુરેશભાઈને માટે એ મુશ્કેલ નહોતું. જે લાગે તે મોઢામોઢ કહી દેવાની આદત હોવા છતાં લોકો એમને વળગેલા રહેતા તે એમની સ્નેહાળ પ્રકૃતિને કારણે જ. મુંબઈ શહેરમાં એક એકથી ચડિયાતા સાહિત્યિક સમારંભો યોજીને હંમેશ ભરચક હાજરીમાં પાર પાડવા તે જેવી તેવી સિદ્ધિ ન ગણાય.

પાછળથી સ્વાસ્થ્ય અંગે ચિંતા થાય એટલી હદે પ્રવૃત્તિશીલ રહેવા છતાં એમણે કોઈ વિઘ્નો ગણકાર્યાં નહીં. દેશમાં અને પરદેશમાં ઘણું હર્યાફર્યા અને ગુજરાતી સાહિત્ય વિશે લોકોને જાગ્રત કર્યા. નાનપણથી જ કવિતા પાછળ ઘેલા. ક્યાંય પણ સારી કવિતા નજરે ચડે તો એમાં ડૂબી જાય. પોતે એકલા એનો રસાસ્વાદ માણે તે ન ચાલે. બધાને એમાં સહભાગી બનાવે. તેથી જ મરાઠી અને અંગ્રેજી કાવ્યો અનુવાદ દ્વારા પણ ગુજરાતી વાચકો લગી પહોંચાડે ત્યારે જ જંપે. જુઓ, અગિયાર કવિઓના સંગ્રહ એક સાથે પ્રસિદ્ધ કરવાનું મન થયું હતું તે છેલ્લી ભેટ આપણને આપતા ગયા ને ?

કવિતાની પરખ એવી અને સ્મૃતિ એટલી તીવ્ર કે એક વખત એમ કહેવાતું કે કોઈ સંજોગોમાં ગુજરાતી કવિતાનાં બધાં પુસ્તકો નાશ પામે તોપણ સુરેશ દલાલ છે ત્યાં લગી

કશો વાંધો નહીં. આપણો ખજાનો એમના મગજમાં અકબંધ રહેવાનો. આવું પ્રમાણપત્ર મળે એની પાછળ જીવનભરની તપશ્ચર્યા અને લગની રહેલી હોય છે. સુરેશભાઈનાં બહુ નિકટનાં સ્વજનો જાણે છે કે સંસારમાં સરસા રહ્યા અને અનેક ક્ષેત્રોમાં યશભાગી થયા, છતાં એમનો પ્રથમ અને આખરી પ્રેમ તો કવિતા, કવિતા અને કવિતા જ હતો.

હંમેશાં ગુલાબી સ્વભાવવાળા સુરેશભાઈએ એક સવારે મને ફોનમાં કહ્યું, 'કોને ખબર, હમણાંનું કંઈ ગમતું નથી.' હું વિચારે ચડી. આમને ગમાડવા માટે શું કરી શકાય. ફરી ફરીને ચિંતા થાય, પણ કંઈ સૂઝે નહીં. આખરે અંગ્રેજીમાં સાત-આઠ કીચન પોએમ્સ લખી એમને સંભળાવી. રાજીના રેડ થઈ ગયા. કહેવા લાગ્યા, 'હજી વધારે લખો, બહુ સરસ છે.' કેવાયે મુહૂર્તમાં એમણે કહ્યું કે લગભગ અઠવાડિયામાં સો કાવ્યો લખી નાખ્યાં અને મારી આદત મુજબ કોલ્ડ સ્ટૉરેજમાં નાખી દીધાં. પણ સુરેશભાઈને યાદ, તે વારેવારે પૂછ્યા કરે કે સંગ્રહ ક્યારે આપો છો ? આખરે પુસ્તક પ્રગટ થયું. લખ્યું ગમે તેણે પણ નિમિત્ત તો સુરેશભાઈ જ.

આવી રીતે એમણે કેટલીયે કલમોને સતેજ કરી હશે ! તંત્રી ન હોત અને પ્રકાશક ન હોત તો પણ કાળમીંઢ ખડકમાંથી એ કવિતાનું ઝરણું વહેવડાવે એવી એમની શક્તિ હતી. એમના જીવનમાં આધ્યાત્મિકતા પ્રત્યેનું પણ એક વહેણ હતું. જે. કૃષ્ણમૂર્તિ, પુદુચેરીનાં માતાજી, સત્ય સાંઈબાબા, મોરારિબાપુ, હંમેશાં પ્રસિદ્ધિથી દૂર રહેતા આત્મ-સાક્ષાત્કારી મહાત્માઓ વગેરે અનેકના આશીર્વાદ તેઓ પામ્યા છે અને એમના કાવ્યસર્જનમાં પ્રકૃતિપ્રેમ અને કૃષ્ણપ્રેમ ઉપરાંત જીવનની ઊર્ધ્વગતિ માટેનો તરફડાટ દેખાય છે. તેની પાછળ પણ આ એક કારણ હોઈ શકે.

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં જેમનું અનિવાર્ય સ્થાન છે એવા આપણા સુરેશભાઈના અવસાનથી જે અવકાશ સર્જાયો છે તેને યથાશક્તિ ભરવાનો પ્રયત્ન તો એમનો સ્પર્શ પામેલા યુવાન લેખકો કરશે જ એમાં કોઈ શંકા નથી, પણ એમની માફક સમાજના તમામ સ્તરે વ્યાપેલી લોકપ્રિયતા મેળવવા કોણ ભાગ્યશાળી થશે તે દેખાતું નથી. પરંતુ એની ચિંતા આપણે શા માટે કરવી જોઈએ ? સરસ્વતીની વીણાનો ઝંકાર એમણે સાંભળ્યો અને લોકોને સંભળાવ્યો એટલું જ પૂરતું નથી ?

**ધીરુબહેન પટેલ**

### વાચકમિત્રોને

છેલ્લાં ચૌદ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૫૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐





# ડાંગ જિલ્લાના સર્વસંગ્રહનું વિમોચન

ગુજરાત સરકાર અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી ભાષામાં તૈયાર થયેલ 'ડાંગ જિલ્લા ગેઝેટિયર(સર્વસંગ્રહ)'નો વિમોચન-સમારોહ ૪ સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ ગુજરાત વિશ્વકોશભવનમાં યોજાયો.

આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં વિશ્વકોશના ટ્રસ્ટી શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે સરકાર અને સંસ્થાના સહયોગથી સર્જાયેલા સુફળની વાત છે. વિશ્વકોશના સઘળાં કાર્યોમાં સરકાર અને સમાજનો સદૈવ ઉષ્માભર્યો સહકાર મળ્યો છે અને તેને પરિણામે ગુજરાત વિશ્વકોશે પ્રથમ જૂનાગઢ જિલ્લાનો સર્વસંગ્રહ પ્રગટ કર્યો હતો અને અત્યારે ડાંગ જિલ્લાનો સર્વસંગ્રહ પ્રગટ થઈ રહ્યો છે. છેક બ્રિટિશ શાસનકાળથી ગેઝેટિયરની પ્રણાલી ચાલે છે. અને એ ગેઝેટિયર મહત્ત્વનો સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સામાજિક દસ્તાવેજ બની રહ્યો છે.

ડાંગ જિલ્લાના સર્વસંગ્રહના મુખ્ય સંપાદક શ્રી રમેશભાઈ બી. શાહે કહ્યું કે ઈ. સ. ૧૫૬૬થી ગેઝેટિયર શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે. વેનિસમાં સરકારે એક અખબાર પ્રસિદ્ધ કર્યું અને એ ગેઝેટાની કિંમતે વેચ્યું તેના પરથી ગેઝેટ અને ગેઝેટિયર શબ્દો બન્યા. જે તે પ્રદેશના લોકોને, એમની સંસ્કૃતિ, એમની કુદરતી સંપત્તિ વગેરે વિશે જો જાણકારી હોય તો શાસન સારી રીતે થઈ શકે તે માટે ગેઝેટિયર જરૂરી લાગ્યું અને અંગ્રેજ શાસકોએ આ પ્રથા શરૂ કરી. ૧૮૧૫માં ઈસ્ટ ઇન્ડિયા નામે પહેલું ગેઝેટિયર પ્રગટ થયું. આઝાદી પછી ૧૯૫૫માં આ ગેઝેટિયર પ્રગટ કરવાં કે નહીં તેની સમિતિ રચવામાં આવી. આ સમિતિએ આ પ્રથા ચાલુ રાખવાની ભલામણ કરી. કોઈ પણ જિલ્લા વિશે માહિતી મળે તે પાયાનો સ્રોત ગણાય અને તેથી આ એક અધિકૃત માહિતીગ્રંથ તરીકે પ્રગટ કરવાનું ચાલુ રાખ્યું. ૧૯૮૫ સુધી અંગ્રેજીમાં ગેઝેટિયર પ્રગટ થતાં હતાં. ત્યારપછી પ્રાદેશિક ભાષાઓમાં તે પ્રગટ થવા લાગ્યાં. એમાં જિલ્લાની નૈસર્ગિક સંપત્તિ, લોકો, ઇતિહાસ, ખેતી, ઉદ્યોગો અને બીજી આનુષંગિક માહિતી આપવામાં આવે છે.

શ્રી રમેશભાઈ શાહે વિશેષમાં ડાંગ સર્વસંગ્રહ વિશે વાત કરતાં ડાંગ જિલ્લાની કેટલીક માહિતી આપી. ડાંગ એ વિંધ્યાચળ પર્વતમાળાનો છેવાડાનો ભાગ છે. દુનિયામાં જૈવિક વિવિધતાની દૃષ્ટિએ તેનો ચોવીસમો નંબર આવે છે. ડાંગમાં જૈવિક વિવિધતા ઘણા મોટા પ્રમાણમાં મળે છે. એમાં નોંધાયેલાં ૧૦૨ પક્ષીઓ, ૩૯૭ વનસ્પતિ, ૪૬ સરીસૃપ સૃષ્ટિનાં પ્રાણીઓ અને ૨૧ જેટલાં વન્યપ્રાણીઓનાં વર્ણન મળે છે. આ રીતે નૈસર્ગિક સંપત્તિ ઘણી વિશાળ છે. બીજી મહત્ત્વની નોંધવા જેવી બાબત એ છે કે ડાંગી બોલીમાં રામાયણની કથા મળે છે. આ રીતે મુખ્ય પ્રવાહથી વેગળો હોવા છતાં અહીં રામાયણની કથા મળે છે. કેટલીક લોકકથાઓ જુદા જુદા પ્રદેશમાં સાંભળવા મળે છે. હોળીનો ઉત્સવ પણ મોટા

ભાગના વિસ્તારોમાં જોવા મળે છે અને ડાંગમાં સૌથી મોટો ઉત્સવ હોળીનો મનાય છે. એટલે એમ માની શકાય કે મુખ્ય સમાજ સાથે એનો કોઈક રીતે સંપર્ક હોવો જોઈએ. ભારતમાં વૈવિધ્ય ઘણું છે, પણ રાષ્ટ્રીય એકતા અહીં જોવા મળે છે, એ આ દૃષ્ટાંત દ્વારા કહી શકાય.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ અને ડાંગ જિલ્લા ગેઝેટિયરના વિમોચનકર્તા શ્રી ભાગ્યેશભાઈ જહાએ સ્વાનુભવો વર્ણવતાં કહ્યું કે મારા જીવનમાં આદિવાસી સંસ્કૃતિનો બહુ મોટો પ્રભાવ રહ્યો છે. ૩૨ વર્ષના મારા કાર્યકાળમાં આદિવાસીઓ સાથે ખૂબ રહ્યો છું. દેવગઢબારિયાથી મારી કારકિર્દીની શરૂઆત કરી અને આજે પણ દાહોદ જિલ્લાનો પ્રભારી સચિવ છું. આદિવાસીઓના સંસ્કારો, બોલી, તેમની ભાવના અને લાગણીથી હું તરબતર છું. શ્રી ચિમનભાઈ પટેલ મુખ્યમંત્રી હતા, ત્યારે આદિવાસીઓના પુનર્વસવાટની જવાબદારી ચાર વર્ષ સુધી મેં સંભાળી હતી. એ લોકોમાં ખરેખર પોતાના સમાજ માટેનું ગાઢ તાદાત્મ્ય અને એ અંગેની પ્રબળ અભિવ્યક્તિ જોવા મળી. એમની સાથે ભાવનાત્મક રીતે કામ કરવાનું બન્યું છે. પુનર્વસવાટ કરવાનો હોય ત્યારે અમે મળવા જઈએ, મુખિયા સાથે પચીસ-ત્રીસ જણા આવે, અમારી વાત સાંભળે, વાત સમજે પણ પ્રતિભાવ આપે નહીં. અમે જે કોઈ જમીન બતાવી હોય તે જો એમને મંજૂર ન હોય તો એમાંથી પાંચ જણ ઊભા થઈને બીજા ઝાડ નીચે જાય, એ પછી બીજા સાતેક જણ ઊઠીને ત્યાં જાય. છેલ્લે મુખિયા અને હું બે જ બાકી રહ્યા હોઈએ. આનું કારણ એટલું જ કે તેઓ કોઈનું અપમાન કરવા માગતા ન હોય. આવું કરીને તેઓ દર્શાવે કે તમે જે પ્રસ્તાવ રજૂ કર્યો છે તે અમને મંજૂર નથી. ત્યારબાદ આપણે એને કહીએ કે કંઈ વાંધો નહીં. ચાલો, પહેલાં સાથે જમી લઈએ, પણ ત્યારે તેઓને એટલો બધો ક્ષોભ થાય કે તમે ખાસ આ કામ માટે આવ્યા, તમને ધક્કો પડ્યો તો અમે કેવી રીતે તમારી સાથે જમી શકીએ ?

એક વખત વર્લ્ડ બૅંકના બે-ત્રણ અધિકારીઓ સાથે મણિબેલી ગામમાં જવાનું થયું. ત્યાં ઉપરથી અમારા ઉપર પથ્થરમારો થયો. કોઈને વાગ્યું નહિ પણ પર્વત પર ચડીને અમે એ ગામમાં ગયા. ત્યાં પુરુષો તો આવે નહિ અને સ્ત્રીઓ સાથે કેવી રીતે વાત કરવી તે અમને સમજાય નહિ. અમે છ-સાત કિલોમીટર સુધી ચાલ્યા, પછી પાંચ-છ વ્યક્તિઓ અમને મળી. ત્યારે એમણે ખૂબ શરમ સાથે એમ કહ્યું કે બીજા ગામના લોકોએ આવીને તમારા પર પથ્થરો નાખ્યા હતા. અમે નહોતા નાખ્યા. અમને આનાથી બહુ દુખ થયું છે. એ લોકોની સંસ્કારિતા એટલી બધી કે તેઓ પોતે ખૂબ શરમ અનુભવે.

સ્વાનુભવના કેટલાંક વધુ રોચક દૃષ્ટાંતો આપતાં શ્રી ભાગ્યેશભાઈ જહાએ કહ્યું કે, એ લોકો બધાંને તુંકારે બોલાવે. કલેકટર અને ડીએસપીને 'મોટલો' કહે. તલાટીને

**(અનુસંધાન ત્રીજા પાને)**





# બિહારની જનતા વિકેન્દ્રિત સૌરઊર્જાનો રાહ ચીંધે છે

મહાન ક્રાંતિકારી માર્ક્સવાદી નેતા અને સોવિયેત સંઘના પ્રથમ સામ્યવાદી શાસક વ્યાદિમિર ઇલિચ ઇલિયાનૉવ લેનિને કહ્યું હતું કે કોઈ પણ દેશની પ્રગતિનું માપ તે દેશમાં ઉત્પન્ન થતી ઊર્જાથી થાય છે. લેનિન તો આજે હયાત નથી. ૧૯૨૪માં તેમનું અવસાન થયું હતું. આજે તો અનેક દેશોનો સંઘ એવું સોવિયેત સંઘ પણ રહ્યું નથી. તેમાં જોડાયેલા બધા દેશો અલગ પડી ગયા છે; પરંતુ લેનિનનું ઉપરોક્ત કથન આજે પણ સાચું છે.

આપણો દેશ આઝાદ થયો ત્યારે વિદ્યુત્‌ઊર્જાની સ્થાપિત ક્ષમતા લગભગ ૧૪૦૦ મેગાવોટ હતી. તે ૩૧ જુલાઈ ૨૦૧૦ના રોજ વધીને ૧,૬૩,૬૬૯.૮૦ મેગાવોટ થઈ ગઈ હતી. ઉપરોક્ત ઊર્જાના સ્રોતોમાં જળવિદ્યુત્ ૩૭,૦૩૩.૪૦ મેગાવોટ, થર્મલ વિદ્યુત્ ૧,૦૫,૬૪૬.૯૮ મેગાવોટ, ન્યૂક્લિયર ઊર્જા ૪૫૬૦ મેગાવોટ અને પુનઃપ્રાપ્ય ઊર્જા (સૌરઊર્જા, પવનઊર્જા, બાયૉમાસ ઊર્જા) ૧૬૪૨.૨૪ મેગાવોટ છે. ભારત સરકાર ૨૦૩૨ સુધીમાં ન્યૂક્લિયર ઊર્જા ૬૩,૦૦૦ મેગાવોટ કરવા માંગે છે. ૨૦૨૨ સુધીમાં સૌર વિદ્યુત્‌ઊર્જા ૨૦,૦૦૦ મેગાવોટ ઉત્પન્ન કરવા માંગે છે.

શું આપણે ભૂલી જઈએ છીએ કે આપણા માથા પર કુદરતે ૪૪૪ ગીગાવોટ(એક ગીગાવોટ એટલે ૧૦૦૦ મેગાવોટ)નું ઊર્જામથક આપેલું છે ? તે સૌરઊર્જા છે અને તે વિનામૂલ્યે મળે છે. તે અક્ષય ઊર્જા છે. પૃથ્વી પર આપાત થતી સૌરઊર્જા પૈકી માત્ર ૪૦ મિનિટમાં આપાત થતી ઊર્જા સમગ્ર દુનિયાના એક વર્ષના ઊર્જાવપરાશ જેટલી હોય છે. તે પ્રદૂષણરહિત છે. તે પૃથ્વીને વિનામૂલ્યે મળે છે. પણ સૌરઊર્જાનું વિદ્યુત્‌ઊર્જામાં રૂપાંતર કરવાની પ્રયુક્તિની કાર્યક્ષમતા ઘણી ઓછી છે. તેથી રૂપાંતરિત સૌરઊર્જા વિનામૂલ્યે મળતી નથી બલ્કે ઘણી મોંઘી પડે છે. આ પ્રયુક્તિને 'ફૉટો વોલ્ટેક સેલ' કહે છે. ટૂંકમાં તેને 'પીવી' કહે છે. હમણાં સુધી સૌર વિદ્યુત્‌ઊર્જાનો વીજદર યુનિટદીઠ ૧૫ રૂપિયા હતો. પરંતુ 'પીવી'ની સૌરપૅનલો સસ્તી થતાં યુનિટદીઠ ખર્ચ ૮.૩૫ રૂપિયા થઈ ગયો છે. 'પીવી'ની કાર્યક્ષમતા વધે એટલે કે સૂર્યપ્રકાશનું વિદ્યુત્‌ઊર્જામાં રૂપાંતર કરવાની ટકાવરી વધે તો હજુ તે સસ્તી થશે. તેમ છતાં થર્મલ વિદ્યુત્‌ઊર્જા (કોલસા, ખનિજતેલ કે કુદરતી વાયુના સ્રોતમાંથી મળતી વિદ્યુત્‌ઊર્જા) કરતાં ઘણી મોંઘી પડે છે. વળી સૂર્યપ્રકાશ હોય ત્યારે કે ઝાંખો પ્રકાશ મળતો હોય ત્યારે તે મળતી નથી. આમ તેની કેટલીક મર્યાદાઓ છે. તેમ છતાં ભારતના ન્યૂક્લિયર ઍનર્જીના પિતા એવા ડૉ. હોમી ભાભાએ કહ્યું હતું કે ઊર્જાની અપ્રાપ્યતા કોઈ પણ પ્રકારની ઊર્જા કરતાં મોંઘી હોય છે.

ઉપરોક્ત સ્રોતોમાંથી મળતી વિદ્યુત્‌ઊર્જા ગ્રિડ મારફતે મળે છે. આપણા દેશની વસ્તીના ચોથા ભાગને ગ્રિડની વિદ્યુત્‌ઊર્જાની પ્રાપ્યતા નથી. વળી જ્યાં પ્રાપ્યતા છે ત્યાં પણ વારંવાર અંધારપટનો અનુભવ કરો છો. આ બ્લેકઆઉટ એટલે કે અંધારપટથી બચવા કારખાનાં,

દુકાનો, કચેરીઓ, ડીઝલ જનરેટર રાખે છે. ઘરો અને ઇમારતો પણ ડીઝલ જનરેટર રાખે છે. (અલબત્ત ઘણાં ઘરો અને ઑફિસોમાં 'ઇન્વર્ટરો' પણ રખાય છે.) પરંતુ ડીઝલ જનરેટરથી મળતી વિદ્યુત્ મોંઘી પડે છે. ભારતમાં સૌર વિદ્યુત્ઊર્જા ગ્રિડ દ્વારા પહોંચાડતાં એક કિલોવોટ અવર એટલે કે એક યુનિટના ૮.૩૮ રૂપિયે પડે છે જ્યારે ડીઝલ જનરેટરોમાં એક યુનિટના ૧૭ રૂપિયે પડે છે. વળી ડીઝલનો ભાવ વધતાં તેનો ખર્ચ પણ વધે છે. ડીઝલ જનરેટરોનો ફાયદો એ છે કે તે વિકેન્દ્રિત ઊર્જાના સ્રોત છે.

આ પરિસ્થિતિથી બચવા બિહારના લોકો એ સૌરઊર્જાનો વિકેન્દ્રિત ઉપયોગ કરવા લાગ્યા છે. તે પણ સરકારી મદદ વિના તે કરી રહ્યા છે. બિહારમાં તો વિદ્યુત્પુરવઠો ઓછો છે. બિહારની વિદ્યુત્-ભૂખ પુરાતી નથી. એવા સંજોગોમાં સૌરઊર્જા તેની જીવાદોરી બની રહી છે. બિહારને કુલ ૩૫૦૦ મેગાવોટ વિદ્યુત્ની જરૂર છે; પરંતુ ત્યાં ઉત્પન્ન થતી અને બીજાં રાજ્યોમાંથી મેળવાતી વિદ્યુત્ઊર્જા ફક્ત ૧૫૯૫ મેગાવોટ છે. તેથી ગ્રિડ સિવાય વિદ્યુત્ મેળવવાની પ્રયુક્તિઓનું બજાર મોટું છે. બિહારને વર્ષના ૩૦૦ દિવસ સારો એવો સૂર્યપ્રકાશ મળે છે. ત્યાં ગ્રિડમાં ન હોય તેવા સૌરઊર્જાના પીવી સેલ દ્વારા મળતી વિદ્યુત્ઊર્જાની ક્ષમતા ૭૩૦૦ મેગાવોટ છે. તેથી બિહાર ખર્ચાળ ડીઝલ જનરેટરોના બદલે સૌરઊર્જા ઉત્પન્ન કરવા લાગેલ છે તેથી નવાઈ પામવા જેવું નથી. ૨૦૧૧ની વસ્તીગણતરી પ્રમાણે બિહાર સૌરઊર્જાનો ઉપયોગ કરનાર ભારતનાં રાજ્યોમાં ત્રીજા ક્રમે આવે છે. અલબત્ત રાજ્ય સરકારે સૌરઊર્જાને પ્રોત્સાહન આપવામાં ઓછો રસ લીધો છે. મકાનના છાપરા પર સૌરપૅનલો પાથરી 'ઓફ-ગ્રિડ સૌર વિદ્યુત્ઊર્જા'ની પ્રયુક્તિઓનો ફેલાવાનો કદી આરંભ કર્યો નથી. ૨૦૧૧માં પુનઃપ્રાપ્ય ઊર્જા માટેની નીતિ ઘડી કાઢી. તેમાં ગ્રિડ સાથે જોડાયેલ ૧૭૫ મેગાવેટની સૌરઊર્જાની યોજનાઓને મંજૂરી આપી; પરંતુ ગ્રિડ સિવાયની સૌરઊર્જા માટે કોઈ નીતિ નથી. તેથી કેટલાક ખાનગી સાહસિકો રસ દાખવવા લાગ્યા છે. બિહારની જનતાને વિકેન્દ્રિત સૌરઊર્જાની પ્રયુક્તિમાં રસ પડ્યો છે. ખાસ કરીને ગ્રામપ્રજાને રસ પડ્યો છે. દિવેલના દીવાઓ કે કેરોસીનના હરિકેન તેમજ મોંઘાં ડીઝલ જનરેટરો કરતાં સૌરઊર્જામાં રસ પડ્યો છે. પરિણામે તેઓ સૌરઊર્જા તરફ વળ્યા છે. આજે બિહારમાં જાઓ તો તમને રસ્તા પર પ્રદર્શનબજાર એટલે કે 'એક્ઝિબિશન રોડ માર્કેટ' જોવા મળે છે. તેમાં તમે સૌરઊર્જાની પૅનલો, તેમાં સૌરઊર્જામાંથી રૂપાંતરિત થયેલ વિદ્યુત્ઊર્જાને સંગ્રહ કરવા માટેની બૅટરીઓ વગેરે ઠેર ઠેર જોવા મળે છે. દિવસે સૌરઊર્જાનો બૅટરીમાં રાસાયણિક ઊર્જા રૂપે સંગ્રહ કરી રાત્રે તેનો સીએફએલ પ્રગટાવવા ઉપયોગ થાય છે. બિહારના ૩૮ જિલ્લાઓના દરેક તાલુકામાં તેમનું પોતાનું નાનું પ્રદર્શનબજાર જોવા મળે છે. દરેક દુકાન પણ સૌરસાધનોનો સ્ટોક રાખે છે. દુકાનો કાપડની હોઈ શકે અને સ્ટેશનરીની પણ હોઈ શકે. લોકોમાં સૌરઊર્જાનાં સાધનો વસાવવા કેટલી



બધી તાલાવેલી હોય છે કે તેનું એક દૃષ્ટાન્ત પૂરું થઈ રહેશે.

બિજેન્દ્ર સાઓ નામનો એક દાડિયો છે. તે પટણાના પ્રદર્શન માર્ગ પર ફંફોળી રહ્યો હતો. તે પોતાની દીકરીના દહેજ માટે ખરીદી કરવા નીકળ્યો હતો. તે પોતાની દીકરીને પોતાને પોષાય તેવું કંઈક શ્રેષ્ઠ આપવા માંગતો હતો. તે એવી સૌરપૅનલ આપવા માંગતો હતો કે જે બે સીએફએલ (કૉમ્પેક્ટ ફ્લોરેસન્ટ લૅમ્પ) અને એક ટેબલફેનને પૂરતી વિદ્યુત્ઊર્જા આપી શકે. જે રાજ્યમાં હંમેશાં વિદ્યુત્ઊર્જાની કટોકટી હોય છે ત્યાં આથી વધારે સારી ભેટ શું આપી શકાય ? તે પણ એવી સૌરબજાર કે જે વાર્ષિક ૫૦૦ કરોડનો વેપાર કરે છે અને જે દુનિયાની મોટામાં મોટી 'ઓફ-ગ્રિડ' સૌરબજાર છે. તે બજાર એક કિલોમીટરના માર્ગ પર છે પરંતુ તેને ઘણી શેરીઓ છે. તેમાં જુદા જુદા લોકોના ખિસ્સાને પોષાય તે ભાવે ત્યાં લોકોની વિદ્યુત્ઊર્જાની જરૂરિયાત પ્રમાણે સાધનો મળે છે. તેમાં સૌર-હરિકેન (સોલર લેન્ટર્સ), સ્ટ્રીટલાઇટ, બધી જ બનાવટની અને માપની સૌરપૅનલો વગેરે નાનકડી દુકાનમાં ખડકી દીધેલી જોવા મળે છે. ૭૫ વોટની સૌરપૅનલની કિંમત ૨૫૦૦ રૂપિયાથી ૧૦,૦૦૦ રૂપિયા વચ્ચે હોઈ શકે. તેની ગુણવત્તા પર ભાવ આધાર રાખે છે. આપણો દાડી કરી જીવન ગુજારતો બિજેન્દ્ર સાઓ અડધી કલાક ભાવતાલની રકઝક કર્યા પછી ૭૫ વોટની સૌરપૅનલ ૩૨૦૦ રૂપિયામાં ખરીદે છે. તેમાં બે વર્ષની વૉરન્ટી છે. આમ તો છાપેલા વોટ કરતાં ઓછા વોટ આપતી પૅનલમાં વૉરન્ટી મળવી મુશ્કેલ છે. આ પૅનલ જે વચન આપે છે તેટલો પાવર આપતી નથી હોતી. પ્રમાણભૂત બ્રાન્ડની ૭૫ વોટની પૅનલની કિંમત ૭૦૦૦ રૂપિયા થવા જાય છે.

ટીબીપીએ બનાવેલ પૅનલો સૌથી સસ્તી અને સૌથી વધુ વેચાણ ધરાવે છે. જોકે તે તેમાં જણાવ્યા કરતાં ઓછી વોટ-ઊર્જા આપે છે. તેની કોઈ વૉરન્ટી નથી. તેનું નામ તાતા બીપીને મળતું આવે છે પરંતુ તે તાતા બીપીની નથી. ટીબીપીની પૅનલ પર ૭૫ વોટ ભલે છાપેલ હોય પણ તે કદાચ ૩૦ વોટ ઊર્જા આપે છે. તેમ છતાં તે પ્રમાણભૂત તાતા બીપીની જોરદાર સ્પર્ધા કરે છે. તાતા બીપી તો ૨૦ વર્ષની વૉરન્ટી આપે છે. તેમ છતાં લોકો પોતાના ખિસ્સાને પોષાય તે દૃષ્ટિએ ખરીદી કરે છે. એક કિસ્સો વૈશાલીના જગદીશપુર નામના ગામનો દાડી કરીને પોતાનું પેટિયું રળતો સરોજકુમારનો છે. તે ડીઝલ જનરેટરની મદદથી ૧૦ વોટના ચાર સીએફએલને ચાર કલાક પ્રકાશિત કરવા અને પોતાના મોબાઇલ ફોનનું ચાર્જિંગ કરવા મહિને ૧૦૦ રૂપિયા ખર્ચતો હતો. આમ એક યુનિટના ૮૩ રૂપિયા ખર્ચ થયો. આખા દેશમાં ઊર્જાની તે સૌથી વધુ કિંમત હશે. અત્યારે સરોજની ટીબીપીની સૌર પૅનલ સારું કામ આપે છે અને તે ખુશ છે. અલબત્ત તે પ્રમાણભૂત ગુણવત્તાની નથી.

**(અનુસંધાન તેરમા પાને)**

# કુરિયનકથા

એક તરવરિયો, મલયાલી, ખ્રિસ્તી યુવાન ૧૯૪૫માં આણંદના રેલવે સ્ટેશને ઊતરી બીજે દિવસે ઘરની શોધમાં રઝળે છે. ઘર ભાડે ન મળતાં સ્ટેશન નજીક ડેરીની બાજુમાં આવેલા ખાલી ગરાજમાં ઘર બનાવી લે છે. તેનો ઇરાદો તો થોડા મહિનાઓ પછી ત્યાંથી પાછા ફરવાનો હતો પરંતુ કામની લગન અને શ્રેષ્ઠ, શ્રેષ્ઠતર, શ્રેષ્ઠતમનો તેનો સત્યાગ્રહ તેને એક એવી મંજિલ ભણી દોરે છે જ્યાં જવા માટે અતિપરિશ્રમી જીવન, કાર્યનિષ્ઠા અને દેશના અદના આદમીના લાગણીતંત્ર સાથે તે ઓતપ્રોત થઈ જાય છે.

લગભગ ૧૯૫૬માં અમૂલ માખણ બજારમાં મુકાયેલું ત્યારે તેની રજૂઆત હતી કે ‘ગુજરાતની સહકારી ડેરી દ્વારા શુદ્ધતમ દૂધમાંથી પ્રોસેસ કરીને અત્યંત સ્વચ્છતાપૂર્વક બનાવેલું (માખણ). એથી કદાચ સ્વચ્છતા – શુદ્ધતાના આગ્રહી કેટલાક ગ્રાહકોથી વિશેષ ગ્રાહકોને આકર્ષી શકાયા નહીં. તેના અંગ્રેજી વાક્યમાંના ‘Purely the best’ શબ્દસમૂહ દ્વારા ધારી અસર નિપજાવી શકાઈ નહોતી. આથી ૧૯૬૬માં અમૂલ માખણની જાહેરાત માટે એક જાહેરાત કરનાર એજન્સીનો સંપર્ક કરવામાં આવેલો. તેના મૅનેજરે (સીલ્વેસ્ટર દ’કુન્હા) ઘરે જઈ તેમનાં પત્નીને આ જાહેરાતમાં રસ લઈ મદદ કરવા સૂચવ્યું. પરિણામે પ્રારંભે ‘અટરલી અમૂલ’ અને પછીથી ‘બટરલી’ શબ્દ ઉમેરાયો. એમ દૂધની દુનિયામાં જાહેરાતના બેતાજ બાદશાહી સૂત્રનો જન્મ થયો. ‘બટરલી’ શબ્દ વ્યાકરણની દૃષ્ટિએ ખોટો છે એમ ટીકા પણ થતી. પછી તેને અવાજ આપવાનો પ્રશ્ન આવ્યો. ફરી જાહેરાત. એજન્સીના મૅનેજરે કળાનિષ્ણાત કાર્ટૂનિસ્ટની મદદ લઈ થોડા પ્રયત્નો પછી નાનકડી, નાજુક અને ટપકાંવાળું ફ્રૉક પહેરેલી, તેને અનુરૂપ રિબિનથી પોની ટેલ બાંધેલી, લાંબી જીભથી હોઠ ચાટતી રમતિયાળ કન્યાએ આકાર લીધો. આમ, નાની, નમણી, તોફાની, નિર્દોષ, ચાલાક, મસ્તીખોર અને લાડ કરતી ‘અમૂલ કન્યા’ જન્મી. આ સમગ્ર ચિત્ર કુરિયને જોયું ત્યારે તેમણે તેને ‘બેનમૂન ગાંડપણ’ કહ્યું પણ જાહેરાત એજન્સીના અનુભવીઓએ તેમને આ અંગે સંમત કર્યા. અલબત્ત, એ વેળા કુરિયને કહ્યું કે મારી સંમતિ વિના પણ જો એજન્સીને ઠીક લાગે તો તે જાહેરાતનો પ્રયોગ કરી શકે છે.

એ પછી આ જાહેરાતનો મુંબઈ ખાતેનો પહેલો લોકપ્રતિભાવ ‘એકદમ સરસ’ રહ્યો. કૉલકાતા ખાતેના એક સમારંભમાં આખા શહેરમાં ‘અમૂલ વિનાની બ્રેડ ના ચાલે’ની ઉક્તિ સાથેની જાહેરાતને કુરિયને મંજૂર કરી. તે પછી ૪૦૦૦ જાહેરાતોનાં બોર્ડ દેશભરમાં લગાડવામાં આવ્યાં. થોડા આડાઅવળા પ્રતિભાવ થતાં કુરિયને ગર્જના કરી ‘જાહેરાત રહેશે. મારી (અમૂલની) જાહેરાત કેમ કરવી તે મને કોઈએ શીખવવાની જરૂર નથી.’ આ રીતે ‘અટરલી બટરલી ડિલીશસ’ની અમૂલ જાહેરાતની ધ્રુવપંક્તિ અને અમૂલ કન્યા સર્વસ્વીકૃતિ પામ્યાં. વિશ્વનો આ એકમાત્ર એવો પ્રચાર છે જેનું લક્ષ્ય અને શૈલી છેલ્લાં






પિસ્તાળીસ કરતાં વધુ વર્ષોથી જેમનાં તેમ છે.

ઢળતા દિવસે ગુજરાતના કોઈ ગામની તળભૂમિની અંદર જઈ મુલાકાત લો તો ગ્રામીણ મહિલાઓ બે-ત્રણ કે ચારના સમૂહમાં હાથમાં કડીવાળી ઊભી બરણી સાથે નિશ્ચિત સ્થાન પર જતી અચૂક જોવા મળે. આ મહિલા દૂધ ઉત્પાદકો ઘર-વપરાશ ઉપરાંત વધારાનું દૂધ, દૂધમંડળીમાં જમા કરાવે. ત્યાંથી જિલ્લામંડળીમાં અને ત્યાંથી રાજ્ય કક્ષાના ફેડરેશનમાં દૂધ પહોંચે. આમ ત્રિસ્તરીય ‘અમૂલ મૉડલ’ પર ભારતની સહકારી ડેરી ચળવળનો વિકાસ થયો. જે ઉત્પાદક અને વ્યવસાયી સંચાલન (પ્રોફેશનલ મૅનેજમેન્ટ)ને મૉડલ ટૅક્નૉલૉજી સાથે જોડે છે. આ ‘અમૂલ મૉડલ’ની વિશેષતા જાણો છો ? દૂધ દ્વારા સંપત્તિનું સર્જન કરી સહકારી ડેરીઓએ ગ્રામીણ મહિલાઓના સામાજિક અને આર્થિક ઉત્કર્ષમાં મોટો ભાગ ભજવ્યો છે. કારણ ખેતીપ્રધાન ભારતમાં વિશેષે મહિલાઓ દૂધ-ઉત્પાદન – પશુપાલન, દૂધની પેદાશો અને દૂધનું વેચાણ – સાથે અને પુરુષો ખેતી સાથે સંકળાયેલા હોય છે. દૂધ-ઉત્પાદનના વ્યવસાયે મહિલાઓને આવકનો એક નિશ્ચિત સ્રોત ઊભો કરી આપીને ‘આર્થિક આઝાદી’ – ઇલા ભટ્ટના શબ્દોમાં કહીએ તો ‘દૂસરી આઝાદી’ – અપાવવામાં નોંધપાત્ર ભૂમિકા પૂરી પાડી છે. કુરિયનનું સામાજિક ક્રાંતિના ક્ષેત્રે આ પરોક્ષ પ્રદાન હતું, તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂલવવાની આવશ્યકતા છે.

૧૯૫૭માં ‘અમૂલ’નું બ્રાન્ડ તરીકે રજિસ્ટ્રેશન થયું તે જ વર્ષે તેમને ત્યાં પુત્રી નિર્મલાનો જન્મ થયો હતો. આ બંને ઘટનાઓને કુરિયન જીવનની સૌથી સુખદ ક્ષણો ગણતા હતા. રેમન મેગ્સેસે ઍવૉર્ડથી આરંભાયેલી તેમની મજલ પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ જેવાં બીજાં કંઈક માન-અકરામ તરફ દોરી જાય છે. ભારતને વિશ્વમાં દૂધ-ઉત્પાદન-ક્ષેત્રે સ્વાવલંબી બનાવી દૂધ-ઉત્પાદકોને તેમના હક્ક અપાવવા માટે તેમણે સતત અભૂતપૂર્વ

પ્રયાસો જારી રાખ્યા હતા. ૧૯૪૬માં ખેડા ગામમાં સૌપ્રથમ દૂધ સહકારી મંડળી રચી. આજે ૨૦૧૨ સુધીમાં આવી ૧૬,૦૦૦ દૂધ સહકારી મંડળીઓ કાર્યરત છે. તેના ૩૨ લાખ સભ્યો દેશ આખાને માટે દૂધ-પુરવઠો પૂરો પાડી રહ્યા છે. ભેંસના દૂધમાંથી પાઉડર બનાવવાની અનન્ય સિદ્ધિ દ્વારા તેમણે સમગ્ર વિશ્વને ચકિત કરી દીધું હતું. દૂધ-ઉત્પાદનની ગાથા લોકો સમક્ષ મૂકવા તેમણે શ્યામ બેનેગલ સાથે મળી 'મંથન' ચલચિત્રને સાકાર કર્યું હતું. એ માટે 'ગુજરાત કો-ઑપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન' દ્વારા પ્રત્યેક સભ્ય વ્યક્તિ પાસેથી રૂ. બેનું યોગદાન મેળવી નાણાં એકત્ર કરેલાં. ગ્રામીણ ભારત માટે કુશળ સંચાલકો તૈયાર કરવા તેમણે ૧૯૮૯માં 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ રૂરલ મૅનેજમેન્ટ' (ઇરમા)ની સ્થાપના કરી હતી. આમ ભારતની શ્વેત ક્રાંતિના આ પિતાએ સર્વને લાભ મળે તેવું સમાજવાદી દૃષ્ટિબિંદુ અને ટૅક્નૉલૉજી માટેના ઉત્કટ પ્રયાસોનો અનોખો સંગમ સર્જ્યો હતો. આ બધાં કાર્યો દ્વારા 'કર્મણ્યેવાધિકારસ્તે'ના શ્રીમદ્ભગવદ્ગીતા દીધા મંત્રને તેમણે ચરિતાર્થ કર્યો.

**રક્ષા મ. વ્યાસ**

---

**(દસમા પાનાનું ચાલુ)**

જગદીશપુરના રાકેશ રાયે રૂ. ૩૫૦૦/-માં સસ્તી પૅનલ ખરીદી. એક વર્ષ પહેલાં તેણે ખરીદી કરી હતી તે એક સીએફએલ અને ક્યારેક એક ટેબલફેનને ઊર્જા પૂરી પાડતી હતી. છ મહિના પછી સીએફએલનો પ્રકાશ ઝાંખો થઈ ગયો અને તે પણ એક કલાકથી વધારે નહીં તેટલો પ્રકાશ આપતો હતો. તે કોઈને ફરિયાદ કરી શકે તેમ ન હતો. તેથી તે પાછો કેરોસીનના દીવા તરફ વળ્યો. જેનો માસિક ખર્ચ ૨૦૦ રૂપિયા આવે છે.

બિહારની સૌરબજાર હલકી કક્ષાની 'અન્ડર વોટેડ' પૅનલથી ઊભરાય છે. તે પૅનલો મુંબઈ અને હૈદરાબાદમાં બને છે. સૌરબજારનું ૫૦ ટકા વેચાણ હલકાં સૌરસાધનોનું છે. ખુલ્લેઆમ ગ્રાહકો છેતરાય છે. જેમની પાસે નાણાં છે તે સારી ગુણવત્તાવાળી પૅનલો ખરીદી શકે છે. એક વ્યક્તિને પીપરમેન્ટ, ચૉકલેટ, બિસ્કિટ વગેરેની દુકાન છે. એક વર્ષ પહેલાં તેણે ૮૦ વોટની એક પૅનલ ખરીદી. તેને ૧૦ વર્ષની વૉરન્ટી છે અને તેની કિંમત ૬૦૦૦ રૂપિયા છે. તેનાથી એક ૧૫ વોટનો સીએફએલ અને બે ૧૦ વોટના સીએફએલ પ્રકાશિત થાય છે. ૧૮ વોટનો પંખો તેના ઘરે ચલાવે છે. આ પૅનલ સંતોષકારક કામ આપે છે. તેમાં છાપેલા જે વોટ છે તેટલા વોટનો પાવર તે આપે છે. બિહાર સરકારની 'મિનિસ્ટ્રી ઑવ્ ન્યૂ ઍન્ડ રીન્યુએબલ ઍનર્જી'એ 'સુરાના વેન્ચર' નામની કંપનીને 'જવાહરલાલ નહેરુ નૅશનલ સોલર મિશન' અન્વયે રાજ્યમાં સૌરપૅનલો બનાવવા માન્યતા આપી છે.

**– વિહારી છાયા**



## બાળસાહિત્ય અને કિશોર સાહિત્ય માટે દાન

ગુજરાતનાં પ્રસિદ્ધ લેખિકા શ્રી ધીરુબહેન પટેલે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને બાળસાહિત્ય અને કિશોર સાહિત્યના મૌલિક અને ઉત્કૃષ્ટ કોટિનાં પુસ્તકોનું પ્રકાશન કરવા માટે દસ લાખ રૂપિયાનું દાન આપ્યું છે. જો આ પ્રકારનું કોઈ યોગ્ય પુસ્તક ન મળે તો પ્રશિષ્ટ અને પ્રેરક સાહિત્યકૃતિનો અનુવાદ પણ કરી શકાશે. વળી, બાળસાહિત્ય અંગે કાર્યશિબિરો, નાટકો વગેરે આયોજનો કરવાં અને બાળકોની સર્જનાત્મક શક્તિ ખીલે અને તે જ્ઞાનાભિમુખ બને તેવા કાર્યક્રમો પણ આમાંથી યોજવામાં આવશે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ગુજરાતના આવા પ્રસિદ્ધ સર્જકના સાથ અને સહયોગને માટે આનંદની લાગણી અનુભવે છે.

## શ્રી પ્રીતિ શાહને લાડલી મીડિયા ઍવૉર્ડ

ભારતમાં સ્ત્રીઓની સંખ્યા ચોંકાવનારી રીતે ઓછી થઈ રહી છે અને ભ્રૂણહત્યા જેવા કારણોને લીધે ભારતમાં ભવિષ્યમાં સ્ત્રીઓનો સંખ્યાદર ઘણો ઓછો થઈ રહ્યો છે. આ સંદર્ભમાં પોપ્યુલેશન ફર્સ્ટ દ્વારા આદિત્ય બિરલા ગ્રૂપના સહયોગથી જેન્ડર સેન્સિટિવિટી માટે લાડલી મીડિયા ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે. આ વર્ષે આ ઍવૉર્ડ જુદાં જુદાં અખબારોમાં નારીજાગૃતિ વિશે લખતા પત્રકારોને આપવામાં આવ્યો જેમાં વિશ્વકોશ પરિવારના ડૉ. પ્રીતિ શાહને 'ગુજરાત સમાચાર'માં પ્રગટ થતી કટાર 'આજ-કાલ'ને માટે આ ઍવૉર્ડ ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ જયપુરમાં રવીન્દ્ર મંચ ઑડિટોરિયમમાં રાજસ્થાનના સૂચના અને જનસંપર્ક મંત્રી જિતેન્દ્ર સિંઘવી દ્વારા આપવામાં આવ્યો. આદિત્ય બિરલા ગ્રૂપના એ. કે. અગ્રવાલે જાતિ પસંદગી કરીને જગતનું સમતુલન ખોરવવાની સ્થિતિ સામે ચેતવણી આપી એટલું જ નહીં પણ છોકરીઓના શિક્ષણની તેમજ શાળાઓમાં સેનિટેશનની સુવિધાના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. પાંચસો જેટલાં મીડિયા પ્રતિનિધિઓની યાદીમાંથી ૨૨ પ્રતિનિધિઓની આ ઍવૉર્ડ માટે પસંદગી કરવામાં આવી જેમાં એક ગુજરાત વિશ્વકોશના પરામર્શક મંડળના શ્રી પ્રીતિ શાહ છે. તેમને વિશ્વકોશ પરિવારના હાર્દિક અભિનંદન.

## આગામી કાર્યક્રમો

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે ઑક્ટોબર મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૦ ઑક્ટોબર ૨૦૧૨, બુધવાર** : વિષય : કુચીપુડી નૃત્યશૈલી (નૃત્ય-નિદર્શન સાથે)
વક્તા : શ્રી સ્મિતા શાસ્ત્રી

**૧૭ ઑક્ટોબર ૨૦૧૨, બુધવાર** : વિષય : ઈશુનું ગિરિપ્રવચન – વર્તમાન સંદર્ભમાં
વક્તા : શ્રી થૉમસ પરમાર

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

**◈ ૧૧ ઑક્ટોબર ૨૦૧૨, ગુરુવાર, સાંજના ૬-૩૦**

વિશ્વકોશ લલિતકલાકેન્દ્રના અન્વયે ચાલતી કાવ્ય-સંગીત શ્રેણીમાં કવિશ્રી સુરેશ દલાલનાં ગીતોની સંગીતમય રજૂઆત અમર ભટ્ટ, ગાર્ગી વોરા અને અનાર શાહ કરશે. તે દિવસે વિશ્વકોશની કલાવીથિકામાં શ્રી સુરેશ દલાલના જીવનની કેટલીક છબીઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. એમના અવાજમાં કાવ્યપઠન અને સ્લાઇડ શો પણ રાખેલ છે.

## સ્વાસ્થ્ય-યોગશ્રેણી

**◈ ૨૦ ઑક્ટોબર ૨૦૧૨, શનિવાર, સાંજના ૫-૦૦**

'ડૉક્ટર, દવા અને આહારનું આયોજન' વિષય પર પ્રાકૃતિક ચિકિત્સા વિશેષજ્ઞ શ્રી નીલેશભાઈ પટેલ વ્યાખ્યાન આપશે અને ડૉ. ભરતભાઈ અગ્રવાલ ભૂમિકા આપશે.

**◈ ૨૧ ઑક્ટોબર ૨૦૧૨, રવિવાર, સવારે ૧૦-૦૦થી સાંજના ૫-૧૫**

સાહિત્ય અકાદમીના પશ્ચિમ ભારત ક્ષેત્રના ઉપક્રમે આગામી તારીખ ૨૧ ઑક્ટોબર, રવિવારે સવારે ૧૦-૦૦થી સાંજના ૫-૧૫ દરમિયાન ગુજરાતી વિશ્વકોશભવનમાં 'કથાસાહિત્યનાં ફિલ્મ અને ટેલિવિઝન રૂપાન્તર' વિશે એક સંગોષ્ઠિનું આયોજન થયું છે. ડૉ. કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલ આ સંગોષ્ઠિના આરંભે ડૉ. વિનોદ જોશી પ્રાસંગિક ઉદ્‌બોધન કરશે અને વરિષ્ઠ વિદ્વાન ડૉ. પ્રબોધ પરીખ બીજભાષણ આપશે.


સંગોષ્ઠિની પ્રથમ બેઠક કથાસાહિત્યનાં ફિલ્મરૂપાન્તર વિશે યોજાશે જેમાં કોંકણી, સિંધી, મરાઠી અને ગુજરાતી કથાસાહિત્યનાં ફિલ્મરૂપાન્તર વિશે અનુક્રમે ઇસિડોર ડેન્ટાસ, આશા ચાંદ, અભિરામ ભાડકમકર અને ધ્વનિ જોશી વક્તવ્યો આપશે. જ્યારે કથાસાહિત્યનાં ટેલિવિઝનરૂપાન્તર વિશે યોજાયેલી બીજી સંગોષ્ઠિમાં કોંકણી, સિંધી, મરાઠી અને ગુજરાતી કથાસાહિત્યનાં ટેલિવિઝિનરૂપાન્તર વિશે અનુક્રમે જ્યોતિ કુનકોલિયેનકર, સુશીલ ગજવાણી, સંજય પવાર અને શૈલેષ ટેવાણી વક્તવ્યો આપશે. સમાપનભાષણ જાણીતા અભ્યાસી અમૃત ગંગર કરશે.

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની મુલાકાતે કૉલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આવતા રહે છે અને તેઓ વિશ્વકોશભવનને નિહાળીને એના સભાખંડમાં વિશ્વકોશની તમામ પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રાપ્ત કરે છે. આના અનુસંધાનમાં અમદાવાદની પ્રસિદ્ધ શિક્ષણસંસ્થા સી. એન. વિદ્યાવિહારના તમામ સંકુલોના શિક્ષકો વિશ્વકોશની મુલાકાતે આવ્યા હતા અને સી.એન.ના માનદ નિયામક ડૉ. તુષારભાઈ પુરાણી સહુને અહીં લાવ્યા હતા. દોઢસો જેટલા શિક્ષકોને શ્રી ધીરુભાઈ ઠાકર, શ્રી ચંદ્રકાન્ત શેઠ, શ્રી કુમારપાળ દેસાઈએ વિશ્વકોશની પ્રવૃત્તિની માહિતી આપી હતી તથા પ્રીતિબહેન શાહે એનું સફળ સંચાલન કર્યું હતું. એ પછી વલ્લભવિદ્યાનગરના સરદાર વલ્લભભાઈ પટેલ કેન્દ્રના એમ.ફિલ.ના વિદ્યાર્થીઓ આવ્યા હતા અને તેઓને પણ આ જ રીતે વિશ્વકોશની પ્રવૃત્તિની માહિતી આપી હતી.



◈ નવસારીના પ્રસિદ્ધ સયાજીવૈભવ સાર્વજનિક પુસ્તકાલય અને શ્રી નરેન્દ્ર હીરાલાલ પારેખ જ્ઞાનધામમાં છેલ્લાં બે વર્ષથી ઉનાળુ રજાઓ દરમિયાન ચાલતી પ્રવૃત્તિ નોંધપાત્ર છે. અહીં 'વિશ્વકોશ સંગાથે ૫૦ કલાક પુસ્તકાલયમાં' એ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ રોજ ગ્રંથાલયમાં આવે છે અને સતત બે-ત્રણ કલાક વિશ્વકોશ વાંચીને એની નોંધ રાખે છે. આ પ્રવૃત્તિના પ્રારંભ પૂર્વે બે-ત્રણ મોટા ટેબલ પર વિશ્વકોશ તથા અન્ય કોશો રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને આ કોશોનો કઈ રીતે ઉપયોગ કરવો તેની સમજ આપવામાં આવે છે તેમજ આ પ્રવૃત્તિ અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે એક આગોતરી મીટિંગ પણ રાખવામાં આવે છે. કેટલાક નિવૃત્ત શિક્ષકમિત્રો અને અભ્યાસુ વ્યક્તિઓ સમય મળ્યે અહીં આવી બાળકોને માર્ગદર્શન આપે છે. વળી આ અભિયાનમાં જોડાનારા વિદ્યાર્થીને વીસ જેટલી નોટબુકો ભેટ રૂપે આપવામાં આવે છે. વૅકેશનનો સમય હોવા છતાં આ વર્ષે વિદ્યાર્થીઓ છેક સુધી વિશ્વકોશ સાથે પચાસ કલાક એ પ્રવૃત્તિ સાથે જોડાયેલા રહ્યા. હવે આગામી વર્ષે વિશ્વકોશ સંદર્ભે બે-ત્રણ કલાકની શિબિર કરીને વિશ્વકોશ અને એના અભ્યાસ સંબંધી માહિતી આપવાનું આયોજન કર્યું છે. આ પ્રવૃત્તિ પાછળ એ ઉદ્દેશ રાખવામાં આવે છે કે વિદ્યાર્થી પોતાના વાચનથી એક કદમ આગળ વધી અભ્યાસ કરતો થાય. એના વિસ્મય-જિજ્ઞાસા જાગ્રત થઈને એ સંશોધન તરફ વળે, એનામાં ચીવટ અને પ્રમાણભૂતતા જેવા ગુણો વિકસે અને વિદ્યાર્થી – વાલી આ ઇતર અભ્યાસ સંબંધી રોજ ચર્ચા કરે અને તેને પરિણામે વિદ્યાર્થી અને વાલી વચ્ચે સંવાદની વિસરાયેલી પરંપરા પુનઃ સ્થાપિત થાય. નવસારીમાં ચાલતી આ પ્રવૃત્તિને માટે શ્રી મહાદેવભાઈ દેસાઈ અને શ્રી જયપ્રકાશ મહેતા વિશેષ પ્રયત્નો કરી રહ્યા છે.

## શ્રી ધનસુખલાલ પંડ્યાની વિદાય



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ૧૪ વર્ષ સુધી પ્રેસ કો-ઑર્ડિનેટર તરીકે જવાબદારી સંભાળનાર અમારા સાથી શ્રી ધનસુખભાઈ પંડ્યાનું અમદાવાદમાં ૧૮મી સપ્ટેમ્બરે દુઃખદ અવસાન થયું છે. હિંદી વિષય સાથે બી.એ. વિનીત થયેલા શ્રી ધનસુખભાઈ પંડ્યાએ ગુજરાત યુનિ. પ્રેસમાં મદદનીશ મૅનેજર તરીકે ૩૪ વર્ષ સુધી કાર્ય કર્યું હતું. નિવૃત્તિ બાદ તેઓ વિશ્વકોશમાં જોડાયા અને ૨૦૦૭ની ૧૬મી એપ્રિલે એમણે આંખોની તકલીફને કારણે વિશ્વકોશમાંથી વિદાય લીધી હતી. એમનો માયાળુ સ્વભાવ અને એમની કાર્યનિષ્ઠાને કારણે વિશ્વકોશના મિત્રો એમને અવારનવાર યાદ કરતા હતા અને તેઓ પણ વખતોવખત વિશ્વકોશની મુલાકાતે આવતા હતા.